અંચલગચ્છેશ્વરશ્રી જયકીર્તિસૂરિ અને
કવિ – ચક્રવર્તી પૂજ્યશ્રી જયશેખરસૂરિ પર

# ફાગુ કાવ્યો

– રચયિતા : **અજ્ઞાત શિષ્ય**
[રચના : **વિક્રમની પંદરમી શતાબ્દી**]
– સંશોધક : **પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી મહારાજ સાહેબ**

[ વિદ્વાનો માટે 'ફાગુ' શબ્દ હવે પુરાણો બન્યો છે, અને હકીકતમાં છે પણ પુરાણો. 'જૈન સત્યપ્રકાશ' વર્ષ ૧૧ ના અંકોમાં ફાગુ કાવ્યો ઉપર વિદ્વાનોએ સારો એવો પ્રકાશ પાડેલ છે. 'આપણાં ફાગુ કાવ્યો' ( અંક ૬, પૃ. ૧૬૯ થી ૧૮૪ ) નામના લેખમાં પ્રો. હીરાલાલ આર. કાપડીઆ જણાવે છે : ' ગુજરાતીમાં ફાગુ કાવ્યનો આરંભ કરનાર જૈન મુનિ છે અને તેનો પ્રારંભ વિક્રમની ચૌદમી સદીની છેલ્લી પચ્ચીસીમાં થયો છે, એમ ગુજરાતીમાં મળેલાં ફાગુ કાવ્યો જોતાં જણાય છે. એમના જ લેખ ઉપર સમીક્ષા કરતાં પં. લાલચંદ્ર ભ. ગાંધી જણાવે છે : 'શ્રી હેમચંદ્રસૂરિ કૃત ' દેશી નામમાલા'માં દર્શાવ્યા પ્રમાણે વસંતોત્સવ માટે પ્રાચીન સમયથી 'ફગ્ગુ' શબ્દ પ્રયોગમાં છે.'

જીવનના અભિનવ ભાવને ઉલ્લસિત કરતાં વિશિષ્ટ વર્ણનાત્મક, વિશિષ્ટ શબ્દ-છટાવાળાં અને અર્થગંભીર, યમક, અનુપ્રાસ આદિ અલંકારોથી શોભતાં વિશિષ્ટ રચનાથી આકર્ષે તેવાં કાવ્યો પણ એ 'ફાગુ' કે 'ફાગ' નામથી પ્રસિદ્ધિમાં આવ્યાં છે. શારદાદેવીના કૃપાપાત્ર વિદ્વાન ન મુનિઓએ ગુજરાતી કાવ્ય સાહિત્યની રચનામાં પણ પ્રશંસનીય પ્રયત્નો કર્યા છે.

આ રીતે છેલ્લાં કેટલાંક વર્ષોથી ફાગુકાવ્યો પ્રત્યે વિદ્વાનવર્ગનું આકર્ષણ વધી રહ્યું છે. ખાસ કરીને બાલ બ્રહ્મચારી ભગવાન શ્રી નેમનાથ, કામવિજેતા શ્રી સ્થૂલભદ્રજી, ગચ્છ-નાયકોનાં વિશેષ પ્રકારે ફાગુ કાવ્યો રચાયાં છે.

આ પ્રકારનાં પ્રાચીન ફાગુ કાવ્યોમાં અહીં પ્રસ્તુત થતી બે લઘુ કૃતિઓ નોંધપાત્ર બની રહે તેવી છે. અંચલગચ્છનાયક શ્રી જયકીર્તિસૂરિજી વિક્રમની પંદરમી શતાબ્દીમાં થઈ ગયા. તેઓશ્રી સં. ૧૪૭૩ માં અણહિલપુર પાટણમાં ગચ્છનાયક બન્યા. તે વખતે એમના કોઈક અજ્ઞાત શિષ્યે આ કાવ્ય રચેલું હોય એમ પ્રસ્તુત કાવ્ય પરથી કલ્પી શકાય છે. શ્રી જયકીર્તિસૂરિએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પર રચેલ ટીકા સુપ્રસિદ્ધ છે. તેઓશ્રી મેરુતુંગસૂરિના પટ્ટધર અને શ્રી જયકેસરીસૂરિના ગુરુ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ અરસામાં કવિ-ચક્રવર્તી શ્રી જયશેખરસૂરિના કોઈ અજ્ઞાત શિષ્યે ગુરુ સ્તુતિ રૂપે રચેલ હોય એમ કલ્પી શકાય છે. શ્રી જયશેખરસૂરિ અચલગચ્છના શ્રી મહેન્દ્રપ્રભસૂરિજીના શિષ્ય હતા. ગુજરાતી ભાષાના આદ્ય કવિ તરીકે ગણાતા શ્રી જયશેખરસૂરિનું સ્થાન જૈનાચાર્યોમાં પણ અગ્રગણ્ય છે. શ્રી જયશેખરસૂરિજીએ પ્રાકૃત-સંસ્કૃત-ગુજરાતીના ગદ્ય-પદ્ય સાહિત્યમાં વિવિધ પ્રકારનો ફાળો આપ્યો છે. મુનિશેખરસૂરિ, મંત્રપ્રભાવક શ્રી મેરુતુંગસૂરિ, શ્રી માનતુંગ ગણી આદિ એમના ગુરુભ્રાતા હતા. એમના શિષ્યોમાં શ્રી ધર્મશેખરસૂરિજી આદિ પણ સારા ગ્રંથકાર હતા. શ્રી જયશેખરસૂરિજીના ગ્રંથો વિષે લખવા જઈએ તો એક વિસ્તૃત લેખ તૈયાર થાય તેમ છે. પણ વિશેષ ન લખતાં એમના મોટા ગ્રંથોનો જ માત્ર અહીં નિર્દેશ કરું છું :

(૧) શ્રી જૈનકુમાર સંભવ મહાકાવ્ય (સંસ્કૃતમાં)

(૨) ધમ્મિલ ચરિત્ર પદ્ય (સંસ્કૃતમાં)

(૩) ઉપદેશ ચિંતામણિ પ્રાકૃત ૪૫૦ ગાથા પ્રમાણ, ૧૨ હજાર શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ ટીકા અવચુરી

(૪) પ્રબંધ ચિંતામણિ (સંસ્કૃત-પદ્ય)

(૫) આત્માવબોધ કુલક

(૬) નળ દમયંતી ચરિત્ર (સંસ્કૃત-પદ્ય)

(૭) ત્રિભુવન દીપક પ્રબંધ (ગુર્જર પદ્ય) જે કૃતિથી આકર્ષાઈને વિદ્વાનોએ એમને ગુર્જરના આદ્યકવિ તરીકે નવાજ્યા છે. સિવાય ફાગુ વિનતિ સ્તુતિ રૂપ કાવ્યો, સ્તુતિઓ (સંસ્કૃતમાં) આદિ નાની મોટી મળી પચાસ ઉપરાંત કૃતિઓનો આંક થઈ જવા પામે છે.

[જયશેખરસૂરિજી કૃત ફાગુ કાવ્યો પણ પ્રકાશમાં આવ્યાં છે, તે માટે જુઓ. 'પ્રાચીન ફાગુ સંગ્રહ' સંપાદક : ભોગીલાલ જ. સાંડેસરા]

એવી જ રીતે એ જ અરસામાં 'પૃથ્વીચંદ્ર ચરિત્ર અપરનામ વાગ્‌વિલાસ ગુર્જર ગદ્યાત્મક ગ્રંથ'થી પ્રસિદ્ધિ પામેલા શ્રી માણિક્યસુંદરસૂરિના શ્રી જયશેખરસૂરિ વિદ્યાગુરુ હતા. શ્રી માણિક્યસુંદરસૂરિએ પણ 'શ્રી નેમીશ્વર ચરિત્ર' ફાગબદ્ધ રચેલ છે. [જુઓ. 'શ્રી આત્માનંદજી શતાબ્દી ગ્રંથ']

આ કૃતિઓના રચયિતા કોણ હશે એ એક પ્રશ્ન છે. કોઈ આધાર મળે તો વિશેષ ખ્યાલ આપી શકાય. આ કૃતિઓને અંતે પ્રત પુસ્તિકા પણ આપેલ છે. જે પ્રત પરથી લખાઈ છે, તે મૂળ પ્રત શોધવી અતિ આવશ્યક છે. આ કૃતિઓનું જે પ્રત પરથી સંશોધન થયું છે, તે પ્રતમાં લહિયાની કેટલીક ભૂલો સ્પષ્ટ જણાઈ આવે છે. તે પણ બનતી મહેનતે સુધારવા પ્રયત્ન કરેલ છે.

જૂની ગુજરાતીનાં બે સુંદર કાવ્યોનું આ પ્રકાશન તે વિષયના અભ્યાસીઓને તથા ઈતિહાસ ગવેષકોને ઉપયોગી થઈ પડશે, એવી આશા સાથે વિરમું છું ! – સંપાદક]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ નમ :

# અંચલગચ્છેશ્વર શ્રી જયકીર્તિસૂરિ ફાગુ

## પહેલું અઢેઉ

આદિજિણેસર દેવ, પહેલૂં વિરચિય સેવ,
ગાઇસુ મરણહરુ એ અંચલગચ્છ ગુરુ એ;
શ્રીજયકીરતિસૂરિ વંદિસુ આણંદપૂરિ,
મહિમા મંદિરુએ ગુરૂયા ગણહરુ એ. ૧

### ફાગ

ગુરુયા ગણહર તું ગિહિ રંગિહિ કરુ પ્રણામ,
બહુ ગુણ અમીય સમાણીય વાણીય જિણ અભિરામ;
અંચલગચ્છ–નરેશર રેશ રહિત બહુ રંગિ,
વંદિસુ સિરિજયકીરતિ કીરતિ વિમલ અભંગિ. ૨
જસુ જગિ ગરુયડિ છાજઇ રાજઇ રવિતલિ રેખ,
નામિઇ સંપજ્જઇ સંપદ, અવિપદ દીસઉ દેખ;
ધ્રુમંડલ જિમ અવિચલ, અચલગણશૃંગાર,
શશિહરસમ વરગુણગણ ગણહ લહું નવિ પાર. ૩

### અઢેઉ

સંઘ ભૂપાલ મલ્હાર ભરમલ કુખ અવતાર,
દુદ્ધર વ્રત ધરઇ એ ગુરુગુણ અણુસરઇ એ;
જગિ જસુ કીરતિ જીહ, કહિવ ન માઇ તીહ,
પાલઇ સંજમૂ એ ટાલઈ અવક્રમૂ એ. ૪

### ફાગ

અણહિલપુરિ ગુરુ આવિયા, રહાવિય શ્રી સંઘ જામ,
ગણપતજોગ્ય જોપરખિઉ, હરિખીઉ નિયમ નિત્તામ;
ત્રિહુત્તરાઈ સંવચ્છરિ, ઉચ્છવ રંગ પ્રવેસિ,
કંકોત્તરીય ત્તિ મોકલઇ, મોકલઇ દેસ વિદેસિ. ૫
મિલ્યા સંઘ દેસવિદેસના, દેશના રસિક વિચાર,
માંડઈ મંડપિ નાટક, ભાટ કરઇ કઈ વાર;
ઢોલ ઢમક્કઈ ભુંગલ, મંગલ શંખ નિનદ,
વિણા ભેરિ પખાઉજ, આઉજ સુણીઇં સદ. ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈમ ઉચ્છવ નિતુ નવનવા, નવનવા જોઈ જંગ,
સાહમીવચ્છલ સંઘપૂય એ સંઘ પૂરઈ નીય રંગ;
વૈશાખહ વદિ પાંચમિ, પાંચમિ તિહિ સાર,
ગણનાયક પદ થાપીય, આપિય ગચ્છહ ભાર. ૭

અઢૈઉ

શ્રીમેરુતુંગસૂરીંદ પાટિકરઈ આણંદ,
અમ્હિ વંદિસું એ મનિ આણંદિસું એ;
સંઘાગ્રહિ અપાર ઝીલ્યું જિણિ ગચ્છભાર,
ઉચ્છવ જંગિહિએ કીય સંઘ રંગિહિંએ. ૮

ફાગ

મુણિવર ગુરુ ગચ્છનાયક, પાય કરઈ નિતુ સેવ,
તિણિ અવસરિ ગહગહતું, પુહતું ઋતુપતિ હેવ;
મલયાચલ તણઉ, તક્ષણ દક્ષિણ વાઈઉ વાઉ,
રમલિ કરઈ અલવેસર, વેસ રચી સવિ રાઉ. ૯
વણિ વણસંપત્તાં મઉરીય, મઉરીયડા સહકાર,
વેઉલ ચંપક કરણીય, તરુણીય ડામણિકાર;
નિંવ કદંવ ખજૂરી, વીજઉરી વાનીર,
નાગવેલી નારંગીય, રંગીય કર કણવીર. ૧૦

અઢૈઉ

કેતકી પાડલત્તીરિ જાઈ જૂઈ જંવીરિ,
મયણ મહાભડૂ એ, પસરીય ધયવડૂ એ;
અતિ ફલિયા ચઉસાલ, પૂંગ પ્રિયાલ રસાલ,
નફલ બહકઈએ, કોઈલિં ટહુકઈ એ. ૧૧

ફાગ

કોઈલ તણે ટહુકડે, દૂકડે વનિ અતિચંગિ,
નીલી ચાંચ સૂયડલા બોલઈ (અ)તિરંગિ;
મહીયલિ ઋતુપતિ ગહગહ્યુ, મહમહ્યુ મલયસમીરિ,
પરિમલિ વાસિઈ દસદિસિ, પસરિઉ નિર્મલ નીરિ. ૧૨
ઇકિ પઈસઈ કેલીહરિ, કેલી હરખી હસંત,
હસમસિ મયણ મહાભડા, ઘૂંવડ જિમ બોલંત;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીપિસિહું ગણુનાયક, પાય કરીય વસંત,
સહુ જાણિહિં ગુરિ હક્કીય તક્કીય મયણ મયંત. ૧૩

અઢૈઉ

મુણિવર કમલ દિણિંદ, અમ્હ ગુરુ અહિણુવ ચંદ,
શ્રુત સવિ અગગઈ એ સમરસિ મન રમઈએ;
આગમ તણુઈ વિચારિ, લિઈ ભવિયણુ ભવપારિ,
દૂજણુ ગંજણા એ, કવિકુલરંજણા એ. ૧૪
ગણુપદિ પઇઠા જામ, શ્રી સંઘ હરિખ્યું તામ,
બુદ્ધિ હિં બંધુરુ એ, ગચ્છ ધુરંધરુ એ;
જે ગુરુગુણુ ગાયંતિ, તે શિવ સુહ પાયંતિ,
ગાયમ ગણુહરુ એ, તિમ અમ્હ સુહ ગુરુ એ. ૧૫

ફાગ

જીહ સુધાકર સાકર, આકર વચન વિલાસ,
શ્રી અંચલગણુમંડણા, ખંડણુ દૂજણુ આસ,
સજ્જણ-જણુ-મણુ-રંજએ, જિણુશાસણિઉ જોય,
પાવહ તિમિરનિવારણુ, તારણુ ભવિયણુ લોય. ૧૬
જાં મહિયલિ રયણાયર, જાં ગયણુંગણિ ભાણું,
જાં જગિ અઠ-કુલાચલ, મેરુ ન છંડઈ ઠાણું;
તાં શ્રી સંઘ હરખસ્યૂં, અંચલગચ્છનરિંદ,,
શ્રી જયકીરતિ સુહ ગુરુ, અમ્હ મનિ કરઉ આણુંદ. ૧૭

॥ इति फाग बंधनगुरुस्तुति ॥

श्री अचलगच्छेश पू. आ देव श्रीगुणसागर सूरीश्वर–शिष्य मुनि कलाप्रभसागरेण वीर सं. २४९९ विक्रम सं. २०२९ प्रवर्तमाने जेठ वद ७, दिने मंगवाणा ग्रामे लिखितं संशोधितं च. दिनांक २२: ६: ७३ ।

* * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ નમ :

## કવિ–ચક્રવર્તી શ્રી જયશેખરસૂરિજી ફાગ

વિમલાચલસિરિ મંડણુએ, સ્વામીય આદિ જિણંદો;
તેહ પ્રણમિય ગુરુ ગાઈસ્યું એ હિયઇ ધરી આણંદો. ૧
એહ રૂપ સોભાગિહિ આગલા એ જયશેખર સૂરે;
નામ મંત્ર તિહ સમરતા એ પાતગ જાઇ દૂરે. ૨
સારસ્વત પૂરૂ હિય એ જીહ કરઇ કલ્લોલો;
પ્રતક્ષી દેવી ભારતીએ ત્તીંહ માડઇ રોલો. ૩
આગમ લક્ષણ છંદ, સવે જાણઇ અલંકાર;
મૂલ ગ્રંથ છ છેદગ્રંથ, કર્મગ્રંથ વિચાર. ૪
નીંદ્રઈ પઉઢિયા ઇમ ભઇએ પ્રભકાઈ નચિંતો;
ઉત્તર દિસિઈ કોસિલા એ ઇતિ કરું કવિત્તો. ૫

### ભાસ

પ્રણવબીજ જિમ આપ એ, ભરત સંભવ તણુ મૂલો;
તીહ પસાઇ સુહ ગુરિહિં, કાવિ કીઇ અતિમૂલો. ૬
અહે સરસ કોમલ જીભડી એ, સરસઈ કિય વાસો;
તઉ ક્ષણિક્ષણ નવનવઈ છંદિ, તમ્હિ કવિત્ત અભ્યાસો.
ઉપદેશચિંતામણિ કિઉં એ, બાર સહસ પ્રમાણ;
છાજઇ આગમ ઉપમા એ, ઝણહણીયા જાણ જાણ.
ત્રિભુવનદીપક અંતરંગ પ્રાકૃત સંસ્કૃત;
અઉઠ સહસ પ્રમાણ રચિંતઉ ધમ્મિલચરિત્ત.
કવજન ગયવડ ભાંજવા એ, કેશરી જિમ સોહઈ;
અમૃતવાણી વખાણ કરઇ, ભવીયા મન મોહઇ. ૭
(પ્રા....)સાદ સંતમિસિઇ મનિ ભેદવા એ,
પહુંતઉ રતિપતિ રાઉ;
વણરાજી વિહસીવે એ દક્ષિણ વાઇ વાઉ. ૮
વિહસીય ચંપક કમલ કુંદમચકુંદ સહકારો (૨),
જાઈ જૂહી બઉલ બઉલ, સિરિ સેવંત્રિ ઉદારો;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહે ધસમસતઉ મયણુ ઉઠિઉ એ, કરિ કુસુમહ બાણુ,
સધર સબલ જે ત્રિહ ભૂયણે, તીહ ખંડીય માણુ. ૯
સુભટ રૂપિ ત્તિણિ આદરિ એ, રમણી રમઝમકંતી,
કુંઠ નવસર હાર હિયઈ ચાલે ચમકંતી;
કાને ઝલકઈ ઝાલિ, ભલિ સિરિ (મુ)મકુટ શૃંગાર,
અલિકુલ કજ્જલ વેણિદંડ, ચૂડા ભૂજિ અલંકાર. ૧૦
કણુય કંકણુ કરિ ખલકતા એ, અંગુલિ રયણમદ;
પાએ નેઉર રણઝણઇ કડિતલિ મેહલ સદ્દ. ૧૧
અહે વંકુડલી કિરિ ભમહડી એ, સીગિણિ ઠણકાર,
નયણ બાણાવલિ રૂંધતી એ, સુર કિંનર સાર;
સીમંતઇ સીંદૂર ઘણઉ, નયણિ કજ્જલ રેહ,
કામીજણમણ મોરડા એ, ઊનઈઉં મેહ. ૧૨
પિહિરિ સીંદૂરીઉ કંચુઉ એ, કસમસતી ફાલી,
ઉઢણિ નવરંગ ચૂનડી એ, રંગિ નાચઈ બાલી;
ઇણિ પરિઈ શંગાર કરઇ, ઇમ દેવિઇ મદ ધરતી,
ચંચલ ચઉપદ સુર નરિંદ, તઉ મન ખોભંતી. ૧૩
અસિ જિમ વીડઉ કરિ ધરઇએ, સખિમુખિ અહર તંબોલ;
હંસલડી જિમ ગતિ કરઇ એ, મૃગનયણી મન રોલ. ૧૪
ગેલિ ગહીલિ ગોરડી એ, બોલઈ મનિ હસંતી,
તાં અગંજિત સધર વીર જો, અમ્હિ નવિ ભીડંતી.
તીહ વયણ નિસુણેવિ ભણઇ રતિ મોરા નાહ,
એહ સરસિં મન ખઉલિય, મયણ મઇ કરિ મ અનાહ. ૧૫
શીલસંનાહ અંગિ અરુહિ એ, બ્રહ્માભુધ ચાલઈ,
સંજમ મુહવઇ ગય તુરિય, સીલંગપાલ એ નવિ ભીજઇ;
હાવિ ભાવિ નવિ શક્તિઇ લિજઇ,
ધીર ન મન્નઇ આણ તઝમહીયા કાંઈ ખીજઈ. ૧૬
પુહવીઇં ગાજઇ એક વીર જયશેખરસૂરિ;
બિરદાવલી જેહ વોલત્તઉ એ, ઓસન્નઉ સૂર સૂરિ. ૧૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધુરવયણ જિણ જિત લીઉ એ, સાકર મુહિ સિલિ એ,
તે ગણહર ગુણ ગાયતાં એ, મૂં ભાવઇં રુલી એ;
સાયર જિમ ગુણગણ તણઉં, જીહ લાભ મ પારો,
જે નિત વંદઈ સુગુરુચરણ, તીહગ મતિ દાતારો. ૧૮
જોઉ સહી કઉતિગ એક વડઉ પ્રમાણ,
વિણું હથીયારહં નાઠઉ પંચબાણ;
રણરંગિઇં જીતા સવે સવે કોહાદિક વઇરી,
ઉપસમ સીંચી બોધિબીજ તું મૂકી પયરી. ૧૯

ભાસ

આગમસરોવરિ હંસ જિમ કેલિ કરઇ નવરંગો;
ભવિયણલોયણ રંજવઈ એ ભુગતિરમણી સિઉં રંગો. ૨૦
અહે મુક્તિ રમલિ સિરમલિ કરઇ તઉ ગણહર ગાજઇ,
શ્રી જયશેખરસૂરિ ગુરિઇ અંચલગચ્છ છાજઇ;
સિંધુ સવા લખ માલવઇ એ ગૂજરાત વિચારો,
સોરઠ મંડલિ (મરુ) મેરુ પમુહ દેશઇ પ્રભુ કરઈ વિહારો, ૨૧
ગયણંગણિ નક્ષત્ર સિઉં જાં સસિ રવિ દીપઇ,
તાં ચઉવિહ શ્રી સંઘ સિઉં : મહિયલિ પ્રભુ
પ્રતપઇ (પ્રતિપઇ);
ફાગબંધિ ગુરુ ગાઈસિઉ એ જયશેખરસૂરે,
પઢઇ ગુણઇ જે સાંભલઇ એતી (તીહ) સંપદ પૂરે. ૨૨

[ ઇતિ શ્રી જયશેખરસૂરિ ફાગ ]

॥ પ્રત પુષ્પકા ॥ સંવત ૧૯૬૭ ના ભાદરવા વદિ ૨ ને રવિવારને દિવસે શ્રી મુંબઈ મધ્યે મહારાજશ્રી ગૌતમસાગરજી મહારાજની આજ્ઞાથી લખી. સમાપ્ત. લેખક–લહિયા : શા મોતીચંદ મુલજી, રહેવાસી : ગામ શ્રી ગઢડા, તાબે ભાવનગર ॥ દેશ કાઠિયાવાડ ॥

॥ શ્રી ॥ ॥ શ્રી ॥ ॥ છ ॥ ॥ છ ॥ ॥ શ્રી ॥ ॥ શ્રી ॥

સંવત ૨૦૨૯ વર્ષે જેઠ વદ અષ્ટમી દિને કોટડા (કચ્છ) ગામે લિખિતં સંશોધિતં ચ અચલગચ્છે મુનિ કલાપ્રભસાગરેણ ॥

■ ■ ■



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org